સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૫–૧૦–૨૦૨૨ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:–

:: :: :: ::

ઈનવર્ડ નં. ૩૬
ટી.પી.ડી. ૬૩૧૫
તારીખ ૧૫/૧૦/૨૦૨૨

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૬–૮–૨૦૨૨ ના પત્ર નં.સીમીસ/૮/૮ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ સુચિત નગર રચના યોજના, સુરત નં. ૮૮(વરીયાવ)ને મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરના પત્ર નં.નરયો નં. ૮૮(વરીયાવ)/કલમ ૪૧(૧)/હદ પરામર્શ/૨૯૯૨, તા.૨૭/૦૭/૨૦૨૨ થી અધિનિયમની કલમ–૪૧ (૧) હેઠળ આપેલ પરામર્શ અન્વયે સુચિત નગર રચના યોજના સુરત નં. ૮૮ (વરીયાવ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગની રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત ૮૮ (વરીયાવ) બનાવવા ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચન બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૮/૨૦૨૨ સર્વાનુમતે મંજુર.

---

DMC

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

Received On
Dt. ૧૫/૧૦/૨૦૨૨

નં. સીમીસ/ ૮/૬/૧૨
તા.૧૫/૧૦/૨૦૨૨

UDT

મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. ૧૫–૧૦–૨૦૨૨.

TPO (J)
15.10.2022